ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



## સંક્ષિપ્ત સમાચાર

### દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં માનસિક સ્વાસ્થય જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**દાહોદ :** દાહોદ અનાજ મહાજન સાર્વજનિક સોસાયટી સંચાલિત અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા સંલગ્ન નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના .NTF (National Task Force) અંતર્ગત વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય (Mental Health) ને મજબૂત બનાવવા અને આત્મહત્યાની ઘટનાઓ ઘટાડવા માટે માનસિક સ્વાસ્થય જાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ અને વક્તા તરીકે ડો. નિલેશ નિનામા, મનોચિકિત્સક, જનરલ હોસ્પિટલ, દાહોદ હાજર રહ્યા હતા. જેમના દ્વારા વિદ્યાર્થીઓને તણાવ વ્યવસ્થાપન, ડિપ્રેશન અંગે જાગૃતિ અને ભાવનાત્મક સહાય વિષય ઉપર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં 114 જેટલા વિદ્યાર્થીઓ અને કોલેજના સ્ટાફ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### કાલોલ પોલીસ સ્ટેશનના ASI રંગીતસિંહ ચૌહાણનો વિદાય સમારંભ યોજાયો



**કાલોલ :** કાલોલ પોલીસ સ્ટેશનમાં આસિસ્ટન્ટ સબ-ઇન્સ્પેક્ટર (ASI) તરીકે ફરજ બજાવતા રંગીતસિંહ ચૌહાણ વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં કાલોલ પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં એક ભવ્ય અને ભાવસભર વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ વિભાગમાં ૩૨ વર્ષની લાંબી અને નિષ્ઠાપૂર્વકની સેવાઓ આપી નિવૃત્ત થઈ રહેલા રંગીતસિંહને વિદાય આપવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા આ વિદાય સમારંભમાં કાલોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર આર. ડી. ભરવાડ અને સમગ્ર પોલીસ સ્ટાફ દ્વારા રંગીતસિંહની કર્તવ્યનિષ્ઠા અને પ્રશંસનીય સેવાઓને મુક્ત કંઠે બિરદાવવામાં આવી હતી. પીઆઇ આર. ડી. ભરવાડ દ્વારા રંગીતસિંહને શાલ ઓઢાડી, સ્મૃતિભેટ અર્પણ કરી અને પુષ્પહાર પહેરાવીને ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું.

### દાહોદના રણછોડરાયજી મંદિરમાં ભગવાન જગન્નાથજીનો જલાભિષેક કરાયો



**દાહોદ :** દાહોદ શહેરમાં પ્રતિવર્ષ અષાઢ સુદ બીજ ના રોજ ભગવાન જગન્નાથજીની રથયાત્રા ખૂબજ હરસોલાસ અને રંગેચગે કાઢવામાં આવે છે ૨૯ ના રોજ હનુમાન બજારના રણછોડરાયજી મંદિરમાં ભગવાન જગન્નાથજી, ભાઈ બળભદ્રજી અને બહેન સુભદ્રાજીનો પુરાવિધિ વિધાન સાથે જલાભિષેક કરવામાં આવ્યો હતો જેઠ પૂર્ણિમાના રોજ યોજતા જલાધીસેકનું વિશેષ ધાર્મિક મહત્વ છે જૂની માન્યતા મુજબ ભગવાનનો પવિત્ર જળ અને દુગ્ધ ના ૧૦૮ કળશો થકી અભિષેક કરવામાં આવે છે અને આ પ્રસંગને સ્નાન પુર્ણીમાં તરીકે પણ ઓળખવામાં આવે છે જલાભિષેક બાદ ભગવાન ૧૫ દિવસ સુધી અનાસર અવસ્થામાં રહે છે અને ત્યારબાદ અષાઢી બીજ અને તારીખ ૧૬ નારોજ ભગવાન નગર ચર્યાએ નીકળી અને ભક્તોને દર્શન આપશે.

### દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં યોગ સત્રનુ આયોજન કરવામાં આવ્યું



**દાહોદ :** દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદની Collegiate Women's Development Committee (CWDC) દ્વારા વિદ્યાર્થિનીઓ માટે "Menstrual Cycle & Stress Management" વિષય પર વિશેષ યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સત્રમાં યોગ ઇન્સ્ટ્રક્ટર રૂચા પારેખ દ્વારા માસિક ચક્ર દરમિયાન મહિલાઓના સ્વાસ્થ્યની કાળજી, તણાવ નિયંત્રણ, માનસિક સ્વાસ્થ્ય જાળવવા તેમજ યોગના મહત્વ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે વિવિધ યોગાસનો અને પ્રાણાયામની પ્રાયોગિક સમજ આપી હતી.કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

---

**પીપલોદ-દેવગઢબારિયા હાઇવે બન્યો મોતનો માર્ગ**

# વિદ્યાર્થી, મુસાફરોના જીવ જોખમમાં, તાત્કાલિક સમારકામ નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી

**ચોમાસાએ** ગુજરાતમાં પ્રવેશ કરી દીધો છે ત્યારે માર્ગોની સ્થિતી સુધરે તે ખાસ જરૂરી



(પ્રતિનિધિ) સિંગવડ,દાહોદ, તા.30
દાહોદ જિલ્લાના દેવગઢબારિયા તાલુકામાં પીપલોદથી દેવગઢબારિયા તરફ જતો રાજ્ય ધોરીમાર્ગ (હાઈવે) અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. સમગ્ર માર્ગ પર મોટા-મોટા ખાડા, ઉખડેલો ડામર અને રસ્તા પર ફેલાયેલી રેતીને કારણે વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો, સ્કૂલ વાહનો અને પેસેન્જર વાહનો માટે આ માર્ગ અકસ્માતનું કેન્દ્ર બની રહ્યો હોવાની લોકોમાં ચિંતા વ્યાપી છે. દરરોજ હજારો લોકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આ માર્ગ પરથી અવરજવર કરે છે.

રસ્તાની ખરાબ સ્થિતિને કારણે સ્કૂલ બસો અને અન્ય વિદ્યાર્થી વાહનો ધીમી ગતિએ ચલાવવાની ફરજ પડતાં વિદ્યાર્થીઓને શાળાએ પહોંચવામાં અને શાળા છૂટ્યા બાદ ઘરે પહોંચવામાં સરેરાશ 15થી 20 મિનિટનો વધારાનો સમય લાગી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, રસ્તામાં અચાનક ઊંડા ખાડા આવી જતા સ્કૂલ વાહનો અને પેસેન્જર વાહનોને અચાનક બ્રેક મારવી પડે છે અથવા વાહન અસંતુલિત થઈ જવાની સ્થિતિ સર્જાય છે. જેના કારણે વાહન પલટી જવાની અને અંદર બેઠેલા વિદ્યાર્થીઓ તથા મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચવાની આશંકા સતત રહે છે. ગ્રામજનોનું કહેવું છે કે આ માર્ગ અંગે અનેક વખત આર એન્ડ બી (R|B) વિભાગ અને સંબંધિત તંત્ર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ અસરકારક કામગીરી હાથ ધરવામાં આવી નથી. ચોમાસાની શરૂઆત થઈ ગઈ હોવાથી વરસાદ બાદ માર્ગની સ્થિતિ વધુ ગંભીર બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિક ગ્રામજનો અને આસપાસના ગામોના લોકોએ સરકાર અને માર્ગ-મકાન વિભાગને તાત્કાલિક ગુણવત્તાયુક્ત સમારકામ શરૂ કરવાની માંગ કરી છે. લોકોનું કહેવું છે કે પીપલોદથી દેવગઢબારિયા સુધીના સમગ્ર માર્ગનું કાયમી ધોરણે નવીનીકરણ અથવા મજબૂત સમારકામ કરવામાં આવે, જેથી અકસ્માતો અટકે અને વિદ્યાર્થીઓ સહિત સામાન્ય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે. સ્થાનિકોએ ચેતવણી આપી છે કે જો વરસાદ પહેલાં માર્ગનું યોગ્ય સમારકામ શરૂ નહીં કરવામાં આવે તો ગાંધીચીંધે ઉગ્ર આંદોલન શરૂ કરવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત તંત્રની રહેશે.

---

### ધાનપુરના વેડ ગામે હિટ એન્ડ રન અકસ્માતમાં ધોરણ-6ની વિદ્યાર્થીનીનું મોત



(પ્રતિનિધિ) દાહોદ, તા.30
ધાનપુર તાલુકાના વેડ ગામે શાળાની બસમાંથી ઉતરી ઘરે જઈ રહેલી દેવગઢબારિયાની રત્નદીપ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ-6માં અભ્યાસ કરતી 11 વર્ષીય વિદ્યાર્થીની ભવ્યાબેન કલ્પેશકુમાર ચૌહાણને પૂરઝડપે અને બેદરકારીપૂર્વક દોડી રહેલી બાઈકે અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલી બાળકીનું સારવાર દરમિયાન કરુણ મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ બાઈકચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. જે અંગે પોલીસે શોધખોળ હાથ ધરી કાર્યવાહી શરૂ કરી છે.

---

**આરોપી સામે કડક કાર્યવાહી કરવા માંગ**

## દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાની ઢઢેલા ગ્રામ પંચાયત સામે ભ્રષ્ટાચારના આક્ષેપો

(પ્રતિનિધિ) ફતેપુરા, તા.30
દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાની ઢઢેલા ગ્રામ પંચાયત સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. ગામના એક જાગૃત નાગરિક દ્વારા ગ્રામ પંચાયતના વહીવટદારો, તલાટીઓ અને મળતીયાઓ સામે 15માં નાણાપંચની ગ્રાન્ટમાંથી અંદાજે સવા કરોડ રૂપિયાના ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે છેક પ્રધાનમંત્રી સુધી રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ ગ્રામ પંચાયતને વિકાસ કામો માટે મળેલી 15માં નાણાપંચની ગ્રાન્ટમાં ગેરરીતિ આચરી સરકારી નાણાંનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. વિવિધ કામોમાં નિયમોનો ભંગ કરી નાણાકીય ગોટાળા કરાયા હોવાની પણ રજૂઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. જાગૃત નાગરિકે રજૂઆતમાં ઢઢેલા ગ્રામ પંચાયતના તમામ બેન્ક ખાતાઓ તાત્કાલિક અસરથી ફ્રીઝ કરવા તેમજ આગામી ગ્રાન્ટો પર રોક લગાવવાની માંગ કરી છે. સાથે જ સમગ્ર મામલે ઉચ્ચસ્તરીય તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પણ ઉઠાવવામાં આવી છે. આ રજૂઆત બાદ ગ્રામ પંચાયત વિસ્તારમાં ચર્ચાનો માહોલ ગરમાયો છે. હવે સંબંધિત વિભાગો દ્વારા તપાસ હાથ ધરવામાં આવે છે કે નહીં તે તરફ લોકોની નજર મંડાઈ છે.

---

### કાલોલમાં હોટલના પાર્કિંગમાંથી બાઈકની ચોરી

(પ્રતિનિધિ) કાલોલ, તા.30
વડોદરા શહેરના વાઘોડીયા રોડ પર આવેલી હીરાબા નગર સોસાયટીમાં રહેતા ૨૫ વર્ષીય અક્ષયભાઈ શંકરભાઈ વસાવા સી.સી.ટી.વી. ઈન્સ્ટોલ કરવાનો ધંધો કરે છે. ગત તારીખ ૨૨/૦૬/૨૦૨૬ના રોજ તેઓ પોતાના સી.સી.ટી.વીના કામ અર્થે પોતાની હોન્ડા સાઈન મોટરસાયકલ (નંબર: GJ-06-SG-4193) લઈને હાલોલ આવ્યા હતા.ત્યાંથી તેઓ હાલોલ-કાલોલ રોડ પર મધવાસ ગામ પાસે, રાજપુતાના કંપનીની બાજુમાં આવેલી હોટેલ ખાતે ગયા હતા અને ત્યાં રૂમ ભાડે રાખીને રોકાયા હતા. જ્યાં બીજા દિવસે ઉઠીને પાર્કિંગમાં જોતા બાઈક મળી ન હતી જેની પોલીસ ફરિયાદ નોંધાવતા બનાવની તપાસ હાથ ધરી છે.

---

**ગ્રામ્ય વિસ્તારોમાં હિંસક પ્રાણીઓની અવર જવર વધતા લોકોમાં ભય**

## દીપડાએ ફતેપુરા તાલુકાના પાટવેલ ગામમાં પાંચ બકરાનુ મારણ કર્યું

(પ્રતિનિધિ) સુખસર,ફતેપુરા તા.30
ફતેપુરા તથા સુખસર તાલુકા પંથકમાં જંગલી હિંસક પશુઓ ખોરાક તથા પાણીની શોધમાં માનવ વસ્તી તરફ ઘસી આવતા છેલ્લા કેટલાક સમયથી દીપડાના આતંકની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં હિંસક પ્રાણીઓની અવર જવર વધતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. તાજેતરમાં ફતેપુરા તાલુકાના પાટવેલ ગામે દીપડાએ રહેણાંક વિસ્તારમાં ત્રાટકી એકજ રાતમાં ૫ બકરીઓનું મારણ કરતાં સમગ્ર વિસ્તારમાં ભાઈનો માહોલ ફેલાયો હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી મુજબ,



પાટવેલ ગામમાં રાત્રી દરમિયાન એક હિંસક પ્રાણીએ ઘરમાં બાંધેલી બકરીઓ પર હુમલો કર્યો હતો.આ હુમલામાં એક જ પરિવારની 4 બકરીઓ તથા પડોશીના ઘરની 1 બકરી મળી કુલ 5 બકરીઓનું મોત નિપજાવી જંગલી પશુ ભાગી ગયું હતું. સવારે પશુપાલકોએ લોહી લુહાણ હાલતમાં મૃત બકરીઓ જોતા દુ:ખ અને ભયની લાગણી ફેલાઈ જવા પામી હતી. આ ઘટનાને કારણે ગરીબ પશુપાલકોને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. પરિવારજનોનું કહેવું છે કે,બકરીઓ જ તેમની આવકનું મુખ્ય સાધન હતી.

અને એકસાથે 5 બકરીઓના મારણથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. જોકે અગાઉ આપ તળાઈ ગામમાં પણ દીપડાએ બકરા ઉપર હુમલો કર્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ થોડા દિવસો અગાઉ આપતળાઈ ગામમાં પણ દીપડાએ પશુઓ પર હુમલો કર્યો હતો.

---

**ઉસરા ગામે માળ ફળિયામાં ગમખ્વાર અકસ્માત**

## ઓવરસ્પીડમાં આવતા બે બાઈક સામસામે અથડાયા, ૧નુ મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.30
લીમખેડા તાલુકાના પાડાગામના ડામોર ફળિયામાં રહેતા ૪૮ વર્ષીય રમેશભાઈ છીતુભાઈ તડવી ગઈકાલે સાંજના સાડા ચાર વાગ્યાના સુમારે જીજે ૨૦બીસી-૪૭૯૯ નંબરની મોટરસાયકલ લઈ ઉસરા ગામે માળ ફળિયામાંથી પસાર થઈ રહ્યા હતા તે વખતે સામેથી પૂરઝડપે અને ગફલતભરી રીતે દોડી આવતી જીજે ૨૦એઈ- ૮૪૯૮ નંબરની મોટર સાયકલ રમેશભાઈ તડવીની મોટરસાયકલને જોશભેર ટક્કર મારી નાસી જતાં મોટર સાયકલ ચાલક પાડા ગામના ડામોર ફળિયામાં રહેતા રમેશભાઈ છીતુભાઈ તડવી તથા મોટરસાયકલ પર પાછળ બેઠેલ હુરસીંગભાઈ વિરાભાઈ બિલવાળ તથા દિવ્યાંગ ભાઈ જશુભાઈ પલાસ એમ ત્રણેય જણા મોટરસાયકલ પરથી ફંગોળાઈને રોડ પર પટકાતા રમેશભાઈ તડવીને માથામાં, મોઢાના ભાગે તથા શરીરે નાની મોટી ગંભીર જીવલેણઈજાઓ થતાં તેનું સ્થળ પર જ અરેરાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે હુરસીંગભાઈ બિલવાળ ને જમણા પગે ઢીચણાના ભાગે ફ્રેક્ચર તથા શરીરે નાની મોટી ઈજાઓ થવા પામી હતી તથા દિવ્યાંગભાઈ પલાસને શરીરે નાની મોટી ઈજાઓ થઈ હતી ઘટનાની જાણ થતા જ લીમખેડા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને ઈજાગ્રસ્ત હુરસિંગભાઈ બિલવાળને સારવાર અર્થે ૧૦૮ મારફતે લીમખેડા સરકારી દવાખાને મોકલી આપ્યા હતા. ત્યારબાદ સ્થળપર મોતને ભેટેલા રમેશભાઈ તડવીની લાશનું પંચો રૂબરૂ પંચનામું કરી લાશને પોસ્ટમોર્ટમ માટે લીમખેડા સરકારી દવાખાને મોકલી આપી હતી.

---

**લીમખેડા ફેમિલી કોર્ટની કડક કાર્યવાહી**

## સમન્સની બજવણીમાં બેદરકારી બદલ દાહોદ રૂરલ PI સામે ફરિયાદ નોંધાવવાનો આદેશ

**વારંવારની** નોટિસ છતાં પોલીસ અધિકારી ગેરહાજર, કોર્ટે ગણાવ્યો આદેશનો અનાદર

(પ્રતિનિધિ) લીમખેડા, તા.30
લીમખેડા ફેમિલી કોર્ટમાં ભરણપોષણના કેસમાં સમન્સ અને નોટિસની બજવણીમાં ગંભીર બેદરકારી બદલ કોર્ટે દાહોદ રૂરલ પોલીસ સ્ટેશનના પીઆઈ કે.પી. વાઘેલા સામે કાયદેસરની ફરિયાદ નોંધાવવાનો આદેશ આપતાં પોલીસ તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. અરજદારે 27 નવેમ્બર, 2025ના રોજ ભરણપોષણ માટે અરજી દાખલ કર્યા બાદ કોર્ટે સામેવાળાને નોટિસ પાઠવવા દાહોદ રૂરલ પોલીસને અનેક વખત સૂચના આપી હતી. ડિસેમ્બર 2025થી મે 2026 દરમિયાન વારંવાર નોટિસો જારી કરાઈ હોવા છતાં તેની બજવણી અંગે કોઈ અહેવાલ કોર્ટ સમક્ષ રજૂ થયો નહોતો.

ભરણપોષણનો કેસ લાંબો ખેંચાતા અરજદારને મુશ્કેલી, કોર્ટનો કડક અભિગમ કોર્ટે પીઆઈ કે.પી. વાઘેલાને ખુલાસા માટે અનેક વખત હાજર રહેવા સમન્સ પાઠવ્યા હતા, છતાં તેઓ સતત ગેરહાજર રહ્યા હોવાનું નોંધાયું છે. મામલાની ગંભીરતાને જોતા, અદાલતે દાહોદ રૂરલ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારી પીઆઈ કે.પી.વાઘેલાને સમન્સ અને નોટિસની બજવણી ન કરવા બદલ ખુલાસો કરવા હાજર રહેવા વારંવાર તાકીદ કરી હતી. અદાલતી કાર્યવાહીમાં સહકાર આપવાને બદલે પોલીસ અધિકારી સતત ગેરહાજર રહ્યા છે, જે અદાલતી હુકમનો સીધો અનાદર છે. બોમ્બે પોલીસ એક્ટની કલમ 64 હેઠળ પોલીસ અધિકારી કોર્ટના સમન્સ કે વોરંટની બજવણી કરવા કાયદેસર રીતે બંધાયેલા છે, છતાં વારંવારની સૂચના છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. અરજદાર લાંબા સમયથી ભરણપોષણથી વંચિત રહેતા જીવનનિર્વાહ મુશ્કેલ બન્યો હોવાનું નોંધતાં કોર્ટે સંબંધિત કાયદાકીય જોગવાઈઓ હેઠળ પીઆઈ કે.પી. વાઘેલા સામે ફરિયાદ દાખલ કરવાનો આદેશ કર્યો છે. કોર્ટના આ નિર્ણય બાદ દાહોદ પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હોવાનું જાણવા મળે છે.

---

### કાલોલની હાઈસ્કુલના ધાબા પર ટીટોડીએ ઈંડા મૂક્યા : સારા ચોમાસાના એંધાણ



કાલોલ : કુદરતના સંકેતો અને લોકવાયકાઓ ગ્રામીણ વિસ્તારોમાં આજે પણ એટલી જ પ્રાસંગિક છે. કાલોલ શહેરમાંથી ચોમાસાને લઈને એક રસપ્રદ અને આનંદદાયક સમાચાર સામે આવ્યા છે. અહીંની જાણીતી સી.બી. ગર્લ્સ હાઈસ્કુલના ધાબા પર સતત બીજા વર્ષે ટીટોડીએ ઈંડા મૂક્યા છે, જેને પગલે ચાલુ વર્ષે પણ ચોમાસું ખૂબ જ સારું રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે ગત વર્ષની જેમ ચાલુ વર્ષે પણ સી.બી. ગર્લ્સ હાઈસ્કુલના ધાબા પર ટીટોડીએ ત્રણ ઈંડા મૂકેલા જોવા મળ્યા છે.

---

**દાહોદની ઝાયડસ હોસ્પિટલ વિવાદના વમળમાં**

# ગરીબ આદિવાસી દર્દીઓ પ્રત્યે બેદરકારી અને તોછડા વર્તનના ગંભીર આક્ષેપો સાથે હોબાળો!

**ધારાસભ્ય મહેશભાઈ** ભુરીયાના ફોનનો જવાબ ન આપતા અને હોસ્પિટલ સ્ટાફ સ્થળ છોડી ભાગી જતાં સ્થાનિકોમાં ભારે રોષ

**ગરીબ આદિવાસી દર્દીઓ પ્રત્યે ઓરમાયું વર્તન**

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ઝાયડસ હોસ્પિટલમાં ગરીબ આદિવાસી દર્દીઓ સાથે તોછડા વર્તનની આ કોઈ પ્રથમ ઘટના નથી, અગાઉ પણ આવી અનેક ફરિયાદો સામે આવી ચૂકી છે.



(પ્રતિનિધિ) દાહોદ, તા.30
દાહોદ સ્થિત ઝાયડસ હોસ્પિટલ ફરી એકવાર ગંભીર વિવાદો અને ચર્ચાના કેન્દ્રમાં આવી છે. હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં સારવાર અર્થે આવેલા ગરીબ આદિવાસી દર્દીઓની ઘોર ઉપેક્ષા, તબીબી સ્ટાફની ઘોર બેદરકારી અને દર્દીઓના સગા સાથે કરાતા તોછડા વર્તનને લઈને હોસ્પિટલ પરિસરમાં ભારે હોબાળો મચી ગયો છે. સ્થાનિક લોકો અને લોક પ્રતિનિધિઓ દ્વારા હોસ્પિટલના વહીવટી તંત્ર અને સ્ટાફની નઘરોળ નીતિ સામે ઉગ્ર આક્રોશ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. હોસ્પિટલમાં સારવાર માટે તરફડતા દર્દીઓને એટેન્ડ કરવાના બદલે ડોક્ટર અને નર્સિંગ સ્ટાફ પોતાના મોબાઈલ ફોનમાં વ્યસ્ત હોવાના અત્યંત ચોંકાવનારા આક્ષેપો દર્દીના પરિવારજનો દ્વારા લગાવવામાં આવ્યા છે. ઈમરજન્સીમાં ત્વરિત સારવારની માંગણી કરનાર લાચાર દર્દીઓ અને તેમના સગા-સંબંધીઓ સાથે મેડિકલ સ્ટાફ દ્વારા અત્યંત અપમાનજનક અને ઉદ્ધતાઈભર્યું વર્તન કરવામાં આવ્યું હોવાની ફરિયાદો ઉઠી છે.

---

**કાલોલ મામલતદારની કડક કાર્યવાહી**

## પાસ-પરમિટ વગર આંબા લીમડાના લાકડા ભરેલુ ટ્રેક્ટર ઝડપાયું

(પ્રતિનિધિ) કાલોલ, તા.30
કાલોલ તાલુકામાં બિનઅધિકૃત રીતે થતી વૃક્ષોની કટાઈ અને ગેરકાયદેસર હેરફેર સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. કાલોલના મામલતદાર વિકાસ પટેલ દ્વારા બાતમી અથવા પેટ્રોલિંગ દરમિયાન વાછાવાડ (સુરેલી) થી વેજલપુર તરફ લાકડા ભરીને જઈ રહેલા એક ટ્રેક્ટરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, મામલતદાર વિકાસ પટેલ અને તેમની ટીમ દ્વારા માર્ગ પરથી પસાર થતા એક ટ્રેક્ટર (નંબર:



GJ-08-P-3047) ને રોકીને તેની તપાસ કરવામાં આવી હતી. ટ્રેક્ટરમાં મોટા પ્રમાણમાં આંબા અને લીમડાના ઝાડના લાકડા ભરેલા જોવા મળ્યા હતા. મામલતદારે આ પ્રતિબંધિત અને નિયંત્રિત વૃક્ષો કાપવા તેમજ તેની હેરફેર કરવા અંગે સત્તાવાર પાસ-પરમિટની માંગણી કરી હતી.